જા.નં.એબી–ટેન્ડર–૫૫૭ –૨૦૧૨
કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
ખેડા મા. અને મ. વિભાગ,
આયોજન ભવન કંપાઉન્ડ,
નડીઆદ તા. ૩–૧૦–૨૦૧૨

પ્રતિ,
ભૂમિ રીસર્ચ સેન્ટર,
૨/૧૩૬૨, 'ભૂમિ હાઉસ', સગરામપુરા,
સબજેલની સામે, કિરણ ચેમ્બર્સની પાછળ,
રીંગ રોડ, સુરત–૩૯૫ ૦૦૨.

<u>વિષય</u> :– <u>માલસામાનના પરીક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓને માન્યતા આપવા બાબત.</u>

અનુ. :– સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ખાનગી પત્રક્રમાંક : પરચ–૧૦–૨૦૦૫–૩૩–(પાર્ટ–૨)–સી તા. ૩–૧૦–૨૦૧૨.

મહાશયશ્રી,

જયભારતસહ ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં સવિનય જણાવવાનું કે, સરકારશ્રીના (માર્ગ અને મકાન) વિભાગ, ગાંધીનગરના તારીખ ૩–૧૦–૨૦૧૨ ના સંદર્ભ યાદીથી સુચિત કર્યા મુજબ બાંધકામમાં વપરાતા માલ સામાનના પરીક્ષણો માટે આપની લેબોરેટરીને સરકારશ્રી કક્ષાએથી નીમેલ સમિતિએ આપેલ અહેવાલને અનુલક્ષીને નીચે મુજબની શરતોને આધીન હુકમ રવાના કર્યા તારીખથી માન્યતા આપવામાં આવે છે. આ સાથે સામેલ કરેલ પત્રક–(૧) માં દર્શાવ્યા મુજબના પરીક્ષણના ભાવો તથા પત્રક–(૨) અન્વયે દર્શાવેલ પૂર્વપાત્રતા લાયક ગણેલ મટીરીયલ્સના ટેસ્ટ, ડી.ટી.પી.માં મુકેલ શરતો, ઉપરાંત નીચેની શરતોને આધીન સરકારશ્રી ધ્વારા મંજુર કરાયેલ છે, જે અંગે જરુરી સંમતિપત્રક આપના ધ્વારા સત્વરે રજુ કરવાનું રહેશે.

<u>શરતો :–</u>

(૧) આ લેબોરેટરીને/સંસ્થાને અપાયેલ માન્યતાએ માત્ર સરકારશ્રીની સગવડતા ગણાશે. આ માન્યતા પાત્ર માર્ગ અને મકાન વિભાગ પુરતી આપવામાં આવે છે.

(૨) આ સંસ્થા/લેબોરેટરીએ ગેરીના નિયત પત્રકો અનુસાર પરીક્ષણોની નોંધણી તથા પરિણામો આપવાના રહેશે. તેમજ ઈન્વર્ડ રજીસ્ટર તથા આઉટવર્ડ રજીસ્ટર નિભાવવાનાં રહેશે.

(૩) આ સંસ્થા/લેબોરેટરીએ તેમનાં ધ્વારા કરવામાં આવતાં માર્ગ અને મકાન વિભાગ તથા અન્ય સરકારી વિભાગો/ખાનગી વ્યકિત ધ્વારા આપવામાં આવેલ નમુનાઓ માટે લેબ નંબર આપવાનાં રહેશે. જેની નોંધ ઈનવર્ડ/આઉટવર્ડ રજીસ્ટરમાં રાખવાની રહેશે.

(૪) દર ત્રણ માસે દરેક લેબોરેટરી/સંસ્થા ધ્વારા કરવામાં આવેલ દરેક મટીરીયલનાં કરેલ પરીક્ષણની સંખ્યા, તે પૈકી સફળ થયેલ પરીક્ષણની સંખ્યા, નિષ્ફળ ગયેલ પરીક્ષણની સંખ્યા, થયેલ આવક વિગેરેનો અહેવાલ સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ–૧, ગેરી, રેસકોર્સ, વડોદરાને કરારની શરત મુજબ મોકલવાનો રહેશે.

(૫) **<u>આ સંસ્થા/લેબોરેટરીએ તેમને જે પરીક્ષણ માટે માન્યતા આપવામાં આવેલ છે તે પરીક્ષણનાં નામ તથા પરીક્ષણ શુલ્કની વિગતો કરારની શરતો પ્રમાણે ૨૫ મી.મી. ફોન્ટ સાઈઝમાં બોર્ડમાં લખવાની રહેશે.</u>**

(૬) જ્યારે પણ આપના ધ્વારા કરારમાં જણાવેલ ફરજીયાત સ્ટાફમાં ફેરફાર થાય ત્યારે તેનાં પુરાવા સંસ્થા/લેબોરેટરી ધ્વારા અત્રેની કચેરી એટલે કે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદને દિન-૫ માં આર.પી.એ.ડી.થી જાણ કરવાની રહેશે. આમ કરવામાં નિષ્ફળ જનાર સંસ્થા/લેબોરેટરીની આ બાબત ધ્યાને આવતાં માન્યતા સ્થગિત કરવામાં આવશે. જ્યારે પણ જરુરી ફરજીયાત સ્ટાફની સંખ્યામાં ઘટાડો થાય ત્યારે તેની જાણ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદને કરવાની રહેશે. જ્યાં સુધી જરુરી ફરજીયાત સ્ટાફ નિમાય નહી ત્યાં સુધી જે તે સંસ્થા/ લેબોરેટરીની માન્યતા તેટલા સમયગાળા પુરતી અત્રેની કચેરી એટલે કે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ ધ્વારા સ્થગિત કરવામાં આવશે. જરુરી ફરજીયાત સ્ટાફની નિમણુંક થયેથી તેનાં પુરાવા સંતોષકારક લાગ્યેથી અત્રેની કચેરી એટલે કે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ ધ્વારા સ્થગિત કરેલ માન્યતા પુન: સક્રિય કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા સરકારશ્રીમાં આ અંગેની લેખિત જાણ કરવામાં આવશે.

(૭) કરારની શરતો પ્રમાણે જરુરી ફરજીયાત સ્ટાફની સંખ્યા, તેમની પે સ્લીપ, ઈન્કમટેક્ષ, સર્વિસ ટેક્ષ કે અન્ય વિગતો સરકારશ્રી ધ્વારા માંગવામાં આવે ત્યારે તે રજુ કરવાની રહેશે.

(૮) આ સંસ્થા/લેબોરેટરીએ સરકારશ્રી ધ્વારા નિશ્ચિત કરવામાં આવેલ ચકાસણી અધિકારીશ્રી/ અધિકારીશ્રીઓ ને સંસ્થાની/ લેબોરેટરીની ચકાસણી દરમ્યાન પૂરેપૂરો સહકાર આપવાનો રહેશે.

(૯) ચકાસણી અધિકારીશ્રીએ સૂચવેલ ઉણપ/ખામી દુર ન થાય ત્યાં સુધી સંબંધિત સંસ્થા/લેબોરેટરીએ ઉણપ/ખામીના સંલગ્ન પરીક્ષણો હાથ પર લેવાના રહેશે નહી.

(૧૦) આ સંસ્થા/લેબોરેટરીએ નિયમાનુસાર સમયાંતરે પ્રુવીંગ રીંગ, વજન કાંટા તથા અન્ય સાધનોનું સરકારશ્રી ધ્વારા માન્ય સંસ્થા પાસે કેલીબ્રેશન કરાવવાનું રહેશે અને તે અંગેની જાણ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદને કરવાની રહેશે. સરકારશ્રી ધ્વારા માન્ય સંસ્થા બાબતે ઠેરીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

(૧૧) આ સંસ્થા/લેબોરેટરીની આકસ્મિક ચકાસણી દરમિયાન જો કોઈપણ પ્રકારની અનિયમિતતા ધ્યાને આવશે તો સંસ્થા / લેબોરેટરીની માન્યતા રદ થઈ શકશે. મા.મ. વિભાગના મુખ્ય ઈજનેરશ્રી/અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાના અધિકારીશ્રીઓ ધ્વારા નિયત કરેલ સરકારી અધિકારીશ્રી ધ્વારા ખાનગી લેબોરેટરીની મુલાકાત દરમ્યાન ન્યુનતમ ધારા ધોરણો કરતાં સ્ટાફ તથા સાધન સામગ્રીમાં ઘટ માલુમ પડશે તો આ અધિકારીશ્રીનો અહેવાલ કમિટી સમક્ષ રજુ થયેથી તેના આધારે કમિટીના નિર્ણય બાદ ખાનગી લેબોરેટરીની માન્યતા મહત્તમ ત્રણ વર્ષ સુધી રદ થઈ શકશે.

(૧૨) પરીક્ષણ દરમ્યાન જ્યારે પણ માલ-સામાન ફેઈલ જતો હોય ત્યારે નિષ્ફળ નમુનાં પરિણામોની જાણ આ સંસ્થા / લેબોરેટરીએ મુખ્ય ઈજનેરશ્રી (ગુણવત્તા નિયમન) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને તથા કામના સંબંધિત મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીને તાત્કાલિક આર.પી.એ.ડી.થી કરવાની રહેશે.

(૧૩) ગુણવત્તા નિયમન / તકેદારી આયોગનાં અધિકારીશ્રી કે અન્ય અધિકૃત સરકારી અધિકારીશ્રી પોતાની હાજરીમાં પરીક્ષણ કરાવવા માંગતા હોય તો તે પરીક્ષણ તેમની હાજરીમાં કરવાનાં રહેશે.

(૧૪) આ સંસ્થા / લેબોરેટરીએ તેમને ત્યાં રજુ થયેલ માલસામાનનાં પરીક્ષણો અદ્યતન આઈ.એસ./ આઈ.આર.સી./એમ.ઓ.એસ.ટી.ના ધોરણો મુજબના કરવાનાં રહેશે. આ પ્રમાણે પરીક્ષણ કરવામાં આવે છે તે પ્રમાણેનું પ્રમાણપત્ર વર્ષની શરુઆતમાં કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદને રજુ કરવાનું રહેશે. જો આપના ધ્વારા આ પ્રમાણેનું પ્રમાણપત્ર નિયત સમયમાં આપવામાં નહી આવે તો આપની સંસ્થા/ લેબોરેટરીની માન્યતા અંગે સરકારશ્રીમાં જાણ કરવામાં આવશે અને સરકારશ્રી કક્ષાએથી આ બાબતે જે કાંઈ નિર્ણય લેવામાં આવે તે આપને બંધનકર્તા રહેશે.

(૧૫) આ સંસ્થા/લેબોરેટરીની કામગીરી સંતોષકારક નહી જણાય તો સરકારશ્રી કોઈપણ તબકકે તેની માન્યતા રદ કરી શકશે.

(૧૬) જે તે પરીક્ષણ માટે આ સાથે પત્રક–૧ મુજબના ભાવો તમામ માન્યતા પ્રાપ્ત સંસ્થા/લેબોરેટરીને સ્વીકાર્ય રહેશે.

(૧૭) આપની સંસ્થા/લેબોરેટરી પાસે કેટલા અને કયા પરીક્ષણ કરાવી શકાશે તેની વિગતોનું પત્રક–૨ પણ આ સાથે બિડેલ છે, જે મુજબ જ પરીક્ષણો કરાવવાનાં રહેશે.

(૧૮) હાલમાં મંજુર કરેલ ભાવ એક વર્ષ માટે લાગુ પડશે. એક વર્ષ બાદ સરકારશ્રીની જે તે સમયે નકકી થયેલ નીતિ પ્રમાણે પ્રતિ વર્ષ પરીક્ષણનાં ભાવ નકકી કરવામાં આવશે, જે આપને બંધન કર્તા રહેશે.

(૧૯) પરીક્ષણના પરિણામો દરેક સંસ્થા/લેબોરેટરીએ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી જાળવવાના રહેશે.

(૨૦) પરીક્ષણનાં નમુનાં સંસ્થા/લેબોરેટરી ધ્વારા એક મહિના સુધી જાળવવાના રહેશે. નિષ્ફળ ગયેલ પરીક્ષણનાં નમુના પરીક્ષણ કર્યા તારીખથી ત્રણ મહિના સુધી જાળવવાનાં રહેશે.

(૨૧) ગુણવત્તા નિયમન ધ્વારા મોકલવામાં આવેલ નમુનાઓ પરીક્ષણ બાદ ઓછામાં ઓછા ત્રણ માસ સુધી જાળવવાના રહેશે અને આ સમય દરમ્યાન ગુણવત્તા નિયમનની સુચના મુજબ જરુર જણાય તો ફરીથી પરીક્ષણો કરી પરિણામો દરેક સંસ્થા/લેબોરેટરીએ રજુ કરવાના રહેશે.

(૨૨) તા.૨૮–૧–૨૦૦૩ નાં પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦–૨૦૦૦–ગુ.નિ.–જન–૫૩–૧૨–સ પરિપત્રથી રચવામાં આવેલ સમિતિએ વર્ષ દરમ્યાન એક વખત દરેક સંસ્થા/લેબોરેટરીની ચકાસણી કરી પ્રમાણપત્ર આપવાનું રહેશે. ચકાસણી દરમ્યાન સમિતિના સભ્યોને પૂરેપૂરો સહકાર આપવાનો રહેશે.

(૨૩) જે તે આઈટમોના ટેસ્ટમાં પત્રક–૧ માં દર્શાવ્યા મુજબના ભાવે કામ કરવા માટે આપે સંમતી આપેલ હોઈ તે જ ભાવે પરીક્ષણો કરી આપવાના રહેશે.

(૨૪) આ માન્યતાની મુદત મંજુર કર્યાની તારીખથી વધુમાં વધુ ત્રણ વર્ષની રહેશે પરંતુ તે પહેલાં પણ સરકારશ્રી ધ્વારા આ માન્યતા કોઈપણ કારણ જણાવ્યાં સિવાય નીતિ વિષયક નિર્ણય લઈ તે પહેલાં પણ રદ કરી શકશે. ત્રણ વર્ષ બાદ સરકારશ્રીને જરુર જણાય તો જ જે તે સમયનાં સંજોગોને આધીન સરકારશ્રી મુદ ત વધારો કરી શકશે.

(૨૫) **કરારની શરત પ્રમાણે દરેક મટીરીયલ માટે જે ફરજીયાત પરીક્ષણ દર્શાવેલ છે તે પરીક્ષણો માટે માન્યતા પ્રાપ્ત સંસ્થા/લેબોરેટરી દ્વારા માન્યતા પ્રાપ્તિની તારીખથી ૧૮ માસ સુધીમાં ટેન્ડરની શરતોમાં જણાવ્યા પ્રમાણે NABL ACCREDITATION મેળવી તેની નકલ અત્રેની કચેરી એટલે કે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદને રજુ કરવાની રહેશે. જે સંસ્થા/લેબોરેટરી આમ કરવામાં નિષ્ફળ રહેશે તેની માન્યતા આપોઆપ રદ થશે. સમયમર્યાદામાં NABL ACCREDITATION નું સર્ટીફીકેટ તમામ સંસ્થા/લેબોરેટરીઓએ મેળવવું જરુરી અને ફરજીયાત રહેશે.**

(૨૬) **કરારની શરત પ્રમાણે સંસ્થા/લેબોરેટરીએ મંજુરીની તારીખથી ૬ માસની સમયમર્યાદામાં ISO ACREDITIION કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદને રજુ કરવાનું રહેશે.** જે સંસ્થા / લેબોરેટરી આમ કરવામાં નિષ્ફળ રહેશે તેની માન્યતા આપોઆપ રદ થશે તેમજ આ પેટે તેમનાં દ્વારા ભરેલ રુ. ૫૦,૦૦૦-૦૦ (અંકે રુપિયા પચાસ હજાર પુરા) ની એફ.ડી.આર. નિયમોને આધીન જપ્ત કરવામાં આવશે.

(૨૭) કોંક્રીટ મીક્ષ ડીઝાઈન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઈન ગેરીમાં કરાવવાની રહેશે. પરંતુ ગેરી સમયમર્યાદામાં આ ડીઝાઈન આપી શકે તેમ ન હોય તો મંજુરી પાત્ર સંસ્થા/લેબોરેટરી પૈકી જે સંસ્થા/લેબોરેટરી **NABL ACCREDITED** હોય તેની પાસે ડીઝાઈન કરાવવા સંબંધિત કામનાં અધિક્ષક ઈજનેરશ્રી દ્વારા ગુણદોષનાં આધારે મંજુરી મેળવી ડીઝાઈન કરાવવાની રહેશે.

(૨૮) હાલમાં મંજુરી આપેલ પરીક્ષણો ઉપરાંત વધારાનાં પરીક્ષણો માટે હાલમાં આપ સવલતો ન ધરાવતા હોય અને ભવિષ્યમાં પરીક્ષણ કરવા માંગતા હો તો તે માટે જે તે મટીરીયલ માટેનાં ફરજીયાત ટેસ્ટ માટે જરુરી સવલતો ઉભી કરી અત્રેની કચેરી એટલે કે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદને જાણ કરવાની રહેશે.

(૨૯) આપના દ્વારા પરીક્ષણની કામગીરી પોતાની લેબોરેટરીમાં જ કરવાની રહેશે. **પરીક્ષણનાં અવલોકનો, ગણતરીઓ વિગેરે જે તે ટેસ્ટ કરનારની સહી સાથે "Hard copy" માં રાખવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરીક્ષણની કામગીરી "outsourcing" થી કરાવી શકશે નહી.**

(૩૦) પરીક્ષણનાં નમુના કયારે કઈ લેબોરેટરીમાં આપવા તે બાબતે કરારમાં જણાવેલ માર્ગદર્શન અનુસાર નિર્ણય કરવાનો રહેશે. (મા.મ.વિ.નો પત્ર : પરચ-૧૦-૨૦૦૫-૩૩-ભાગ-૨-સી તા. ૨૨-૦૩-૨૦૧૧)

(૩૧) કામ કરનાર એજન્સીઓનો ખાનગી પ્રયોગશાળા સાથે કોઈ સંબંધ હોવો જોઈએ નહી અને નમૂનાઓની ચકાસણી વખતે એ ખાત્રી કરવાની રહેશે કે, પરસ્પર હિતોમાં (Confict of Interest) ઉભી થાય નહી. આ બાબતનું ધ્યાન પરીક્ષણના નમૂના આપનાર કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા રાખવાનું રહેશે.

(૩૨) ભવિષ્યમાં સરકારશ્રી દ્વારા જે નીતિ/નિયમો નક્કી કરવામાં આવશે તે તમામ સંસ્થા/લેબોરેટરીને બંધનકર્તા રહેશે.

(૩૩) કાર્યપાલક ઈજનેરશ્રીઓને મા.મ. વિભાગના "બાંધકામના મટીરીયલ્સ તેમજ કોમ્પનન્ટસ સેમ્પલની ગુણવત્તા માટે પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરાવવા બાબત" ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦-૨૦૦૭-૨૮-સ તા. ૩૧-૧૨-૨૦૦૯ નું પાલન કરવાનું રહેશે.

(૩૪) જે તે પરીક્ષણ માટે સામેલ ટેસ્ટ મુજબ જ પરીક્ષણો કરાવવાના રહેશે અને પરીક્ષણના ભાવો સરકારશ્રી ધ્વારા નકકી થયેલ ભાવ મુજબ જ ટેસ્ટીંગની કામગીરી કરવાની રહેશે તેથી વધુ ચાર્જ લઈ શકાશે નહી.

(૩૫) આ માન્યતાની મુદત હુકમો રવાના થયાની તારીખથી ૩ (ત્રણ) વર્ષની રાખવામાં આવે છે.

(૩૬) કરેલ કામનું ચુકવણું વિભાગ પાસેથી ફંડની ઉપલબ્ધી અનુસાર કરવામાં આવશે, મોડા ચુકવણાં માટે વિભાગ જવાબદાર રહેશે નહી.

(૩૭) સિકયોરીટી ડીપોઝીટ પેટે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીઆદના નામની પ્લેજ કરેલ રૂ. ૫૦,૦૦૦–૦૦ (રુપિયા પચાસ હજાર પુરા) ની એફ.ડી.આર. ૩ (ત્રણ) વર્ષની મુદતની રજુ કરવાની રહેશે, જે કરારનામા સુચિત કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયેથી પરત કરવામાં આવશે.

(૩૮) આ પત્ર તથા આપનો ટેસ્ટના ભાવો માટે આપેલ સંમતિપત્ર કરારનામાનો એક ભાગ ગણાશે.

(૩૯) કોઈપણ જાતના કોર્ટ કેસની જવાબદારી પ્રયોગશાળાની રહેશે અને કોર્ટનું જ્યુરીડીકશન નડીઆદ જીલ્લો ગુજરાત રાજય રહેશે.

(૪૦) ઉપરોકત મંજુર થયેલ ભાવો તમામ ટેક્ષ સહિતના છે.આ અંગે વધારાનું કોઈ ચૂકવણું કરવામાં આવશે નહિં.

ઉપરોકત તમામ શરતો કરારખતનો એક ભાગ ગણાશે જે તમામ સંસ્થા/લેબોરેટરીને બંધનકર્તા રહેશે, જે અંગે કોઈપણ વિભાગ તરફથી ભંગ થયાની અત્રે જાણ કરવામાં આવશે તો આપેલ ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને આપેલ માન્યતા એકતરફી રદ કરવામાં આવશે અને કોઈ જ દાદ–ફરીયાદ સાંભળવામાં આવશે નહી.

બિડાણ : ૧) પત્રક–૧
(સરકારશ્રી ધ્વારા મંજુર કરેલ ભાવ)
૨) પત્રક–૨(માન્ય મટીરીયલ્સ ટેસ્ટની વિગત)

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ,
નડીઆદ.

<u>નકલ સાદર રવાના :</u>

પ્રતિ, ઉપસચિવશ્રી, (રા.ર. –ર)માર્ગ અને મકાન વિભાગ, સ–શાખા, ૧૪/૨, સરદાર ભવન, નવા સચિવાલય,ગાંધીનગર તરફ સંદર્ભિત પત્ર અન્વયે જાણ થવા વિનંતી છે.(બિડાણ : ઉપર મુજબ)

<u>નકલ સાદર રવાના :</u>

પ્રતિ, સંયુકત નિયામકશ્રી (રસ્તા) ગુજરાત ઈજનેરી સંસ્થા, ગેરી રેસકોર્સ, વડોદરા તરફ જાણ થવા સારૂ. (બિડાણ : ઉપર મુજબ)

<u>નકલ સાદર રવાના :</u>

પ્રતિ, અધિક્ષક ઈજનેરશ્રી, અમદાવાદ માર્ગ અને મકાન વર્તુળ નં.૧, અમદાવાદ તરફ જાણ તથા સરકારશ્રીના સંદર્ભ પત્ર અન્વયે સદરહુ સંસ્થાને માન્યતા પ્રદાન કરવામાં આવેલ છે તથા સરકારશ્રીના સંદર્ભ પત્રમાં દર્શાવેલ શરત નં. ૨૨ મુજબ વર્ષ દરમ્યાન એક વખત દરેક સંસ્થા / લેબોરેટરીની ચકાસણી કરી પ્રમાણપત્ર આપવાનું રહેશે, જે અંગેની આગળની કાર્યવાહી કરવા સારૂ.
(બિડાણ : ઉપર મુજબ)

<u>નકલ સાદર રવાના :</u>

પ્રતિ, અધિક્ષક ઈજનેરશ્રી, આલેખન માર્ગ અને મકાન વર્તુળ, ગાંધીનગર તરફ જાણ તથા સરકારશ્રીના સંદર્ભ પત્ર અન્વયે સદરહુ સંસ્થાને માન્યતા પ્રદાન કરવામાં આવેલ છે તથા સરકારશ્રીના સંદર્ભ પત્રમાં દર્શાવેલ શરત નં. ૨૨ મુજબ વર્ષ દરમ્યાન એક વખત દરેક સંસ્થા / લેબોરેટરીની ચકાસણી કરીા પ્રમાણપત્ર આપવાનું રહેશે, જે અંગેની આગળની કાર્યવાહી કરવા સારુ. (બિડાણ : ઉપર મુજબ)

<u>નકલ સાદર રવાના :</u>

પ્રતિ, સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ / પંચાયત મા. અને મ. વર્તુળ / નેશનલ હાઈવે વર્તુળ / એક્સપ્રેસ–વે વર્તુળ / રાજય માર્ગ યોજના વર્તુળ / ઈલેકટ્રીક મા. અને મ. વર્તુળ સહિત તરફ જાણ થવા સારુ તથા આપના વર્તુળ હસ્તકના વિભાગોને જાણ કરવા વિનંતી છે. (બિડાણ : ઉપર મુજબ)

<u>નકલ સવિનય રવાના :</u>

પ્રતિ, સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી (ઉપરોક્ત વર્તુળ હસ્તકના સર્વે વિભાગો) તરફ જાણ તથા સરકારશ્રીના સંદર્ભ પત્ર અન્વયે ઉપરોક્ત સંસ્થાને બાંધકામમાં વપરાતી માલ–સામાનના પરીક્ષણો માટેની માન્યતા એટલે કે જે લેબોરેટરી જે ટેસ્ટ માટે સક્ષમ ગણેલ છે તેની સામે દર્શાવેલ ભાવ માટે માન્યતા આપવામાં આવેલ હોઈ, તે મુજબ પરીક્ષણો કરાવવા તથા સદર ટેસ્ટ માટે નિયત કરેલ ભાવોને અનુલક્ષીને પરીક્ષણો અંગેની કાર્યવાહી કરવા સારુ, તથા કામ કરનાર એજન્સીનો ખાનગી પ્રયોગશાળા સાથે કોઈ સંબંધ હોવો જોઈએ નહી, અને નમૂનાઓની ચકાસણી વખતે એ ખાત્રી કરવાની રહેશે કે, પરસ્પરના હિતોમાં તકરાર (Conflict of Interest) ઉભી થાય નહી. (બિડાણ : ઉપર મુજબ)

<u>નકલ રવાના :</u>

પ્રતિ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. પેટાવિભાગ, ખેડા / નડીઆદ / ડાકોર / કપડવંજ તરફ જાણ સારુ તથા સરકારશ્રીએ નક્કી કરેલ લેબોરેટરીઓ પાસે અને તેની સામે મંજુર કરેલ ભાવે જ શરતોમાં જણાવ્યાનુસાર હવે પછી પરીક્ષણો કરાવવાના રહેશે.